# મારી કલમે

# “રાખડી”/ “રક્ષાબંનધન”

આવે બેનડી , બાંધે વીરા ને રાખડી,
વીરા ને ખુશ જોઈ ને ઠરે તેની આંખડી,
અક્ષત થી વધાવે ને આરતી ઉતારે,
ઓવારણાં લઈ ને મો માં મુકે સાકર ને ગાંગડી.
Write by:- Neha chaudhari

ભાવ સ્નેહ નું સતત સર્જેન , અદકેરું બંધન, રક્ષાબંધન .
રેશમ નો તાર એક અનોખો સાર, ભીંજાય એમાં આખો સંસાર.
Write by:- Neha chaudhari

બે'ની આપે આશિષ ભાઈ ને,થાય રક્ષા તારી,
ભાઈ આપે વચન બહેન ને, વ્હારે ઊભો રહીશ તારી.
ભાઈ-બહેનનો હેત-પ્રેમ ને શ્રાવણની પૂનમ અજવાળી,
સૂત દોર પ્રતિક બને વ્હાલનો, 'રક્ષાબંધન'ની ઉજાણી ન્યારી.
Write by:- Shivam mali

हो आज दिन है आया
नाल लखनी
हो खुशियां लिया आया
तेरे लाइ
लाखन विचोन चुन के
राखदी ले आई माई
वीरा
Write by:-Munisa Kadiwala

## મારી કલમે

# “રાખડી”/ “રક્ષાબંધન”

સુતરના બે દોરામાં બહેન બાંધે ભાઈનો પ્રેમ,
જોયો હોય બહેને નાના ભાઈને પહેલી વાર,
એને જ તો કહેવાય પહેલી નજરનો પ્રેમ..
Write by:- Prashant Mungra

અઢળક લાગણીઓ જેની આંખોમાં છે,
ને મારું દિલથી હસવાનું કારણ જે છે,
રક્ષાબંધનની રાખડી જોતી જેની રાહ છે,
દુનિયામાં ન હોઈ કોઈ, એવો મારો વીર છે.
Write by:- Ankita Khokhar

બેનડી મારા કાળજાનો કટકો,
તારી પગલીએ હું ફૂલડાં વેરતો,
તકલીફ તને ને આંખ્યું મારી વહે,
અને હરખાતો હું તારા હરખએ,
ફૂલડાની માફક તું મહેકતી રહે,
તારા કિલોલથી ઘર ગુંજતું રહે,
અમર રાખી ભાઈ-બહેનના પ્રેમને,
રક્ષાનું બંધન વણાતું ધાગાના તાંતણે,
Write by:- જયદીપ કાનાણી

# મારી કલમે

# “રાખડી”/ “રક્ષાબંધન”

રાખ થઈ ગયેલી લાગણીને ફરી ખીલવતી "રાખડી"
મારા ભાઈ માટે આજ હું લાવી “પાખડી”,
જીવ આપી દઉ જો કોઈ ભાઈ ને મોકલે કારણ કે...
કૃષ્ણ મારો ભાઈ ને હું એની “ચાખડી”....
Write by:- Nisha soni

એક તાંતણામા એ આપી દે છે દુનિયા આખીનો પ્રેમ
આ પ્રેમનો બદલો પ્રેમ સિવાય ચૂકવવો કેમ?
Write by:- Parag M Kanpariya

શ્રાવણ પૂનમનો દિવસ ને ભાઈ બહેનની પ્રીત,
પુરાણો થી ચાલી આવે છે રક્ષાબંધનની રીત,
સુતરના દોરા થી બ્રેસલેટ સુધીની નવી નવી ભાત,
આ તો છે ભાઈ બહેન ના પવિત્ર સંબંધ ની વાત...
Write by:- Ankita Kuchhadiya

"રક્ષાબંધન નો શાબ્દિક અર્થ રક્ષા કરવા વાળુ બંધન ...
એક સુતર ના ધાગા માં સમાયેલો ભાઈ બહેન નો પવિત્ર પ્રેમ
માટે રક્ષાબંધન પ્રેમ અને કર્તવ્ય માનવનો દિવસ ...”
Write by:- Shilpa Panchal

# મારી કલમે

# “રાખડી”/ “રક્ષાબંનધન”

મારી રક્ષા કરતો મારો વીરલો,
બહેનની દરેક મુસીબતોમાં સાથ આપતો,
હૈયા કેરી લાગણીઓને જોડતો ધાગો,
અને વિજયનુ પ્રતીક એટલે જ રક્ષાબંધન.
Write by:- Nirav Viradiya

"રાખડી" એ ભાઈ-બહેન ના પવિત્ર સંબધ ની નિશાની છે.
ભાઈ ની રક્ષા માટે બહેન એ કરેલી એક પ્રાર્થના ઈશ્વર પાસે જરુર પોહચે છે.
Write by:- Jignasha Vadi

બહેનની પ્રેમસભર રક્ષાની દોરી,
ભાઈનું હરહંમેશ સાથે રહેવાનું વચન,
ભાઈ બહેન નો આવો જ હદયની લાગણી તણો પ્રેમ, એટલે જ "રક્ષાબંધન"
Write by:- Vaibhav Dholariya

ખમ્મા મારા વીરા ને.
"સોનાની નગરી પણ ઝાંખી પડે છે,
જ્યારે કાચા સૂતર નો એ તાતણો મારા ભાઈ ના હાથ નું આભૂષણ બને છે.
"ભાઈ ની ઉમ્મીદ ને બહેન નો પ્રેમ બસ એ જ રક્ષાબંધન નો પવિત્ર તહેવાર.
Write by:- Laxmi koladiya

# મારી કલમે

# “રાખડી”/ “રક્ષાબંનધન”

खेल खेल कि रित मे
खुबसूरत कहानियां
खिलखिलाती कहानियां
बांधती राखी कि डोरिया ।

कच्चा मन , कच्ची डोरिया
बाधे एक रिस्ता पक्का
बेहेन भाइ का एसा नाता
दिखा ता सोना सा धागा ।
Write by:- Yayawargi

બહેન ભાઈને બાંધે આજે પ્રેમ રાખડી,
આજે વરસે છે હેતથી બંનેની આંખડી.
સુખદુ:ખ બંનેમાં હમેશાં રહેતા સાથે,
જરૂરતના સમયે બનતા એકમેકની લાકડી
Write by:- ઈશા નિમેષકુમાર કંથારીયા "સરવાણી"

રાખીએ ભાઈ બહેનનો અતૂટ પ્રમનો પવિત્ર તહેવાર.
રાખીએ બહેનોએ ભાઈને આપેલી શુભ ભેટ.
રાખીએ બહેનોએ ભાઈને આપેલ આશીર્વાદ છે.
રાખીએ ભાઈઓના હાથ પર બહેનોનું અનોખું ગૌરવ છે.
રાખીએ ભાઈ બહેનના ભાવ અને પ્રેમનું સતત વહેતુ ઝરણું છે.
રાખીએ પ્રેમની નિશાની છે, જે દુ:ખના દરવાજાને બંધ કરી સુખનો દરવાજો ખોલે છે.
રાખી એ ભાઈએ બહેનને અને બહેનોએ ભાઈને હૃદય પૂર્વક આપવામાં આવતો ભાવ અને પ્રેમ નો દસ્તાવેજ છે.
Write by:-પી.એમ.કાતરિયા...

# મારી કલમે

# “રાખડી”/ “રક્ષાબંનધન”

સૂતર ના એ તાંતણા માં ભગિની ના ભાવ છલકાય,
આભૂષણ એ કાંડા નું જોય વિરો મારો હોંશે મલકાય.
Write by:- Thummar Komal

વાત ભાઈ ની આવે જ્યાં
પ્રેમ યાદ આવે ત્યાં
ભેટ સંભાળ લાગણી અઢળક
વરસાવતો
પિતા જેવો પડછાયો બની
સાથ હંમેશા આપતો
માંગુ તે હાજર કરી દેતો મને
મારો ભાઈ
બધા થી વધારે વ્હાલો મને
મારો ભાઈ
ઝગડીએ લડીએ ને અબોલા
માત્ર થોડો ટાઈમ
પણ રક્ષા કરવા માં મારી
બાકી ના રાખે કંઈ
બધા થી વધારે વ્હાલો મને
મારો ભાઈ
Write by:- Riddhi soni

# મારી કલમે

# “રાખડી”/ “રક્ષાબંનધન”

બહેન ની રાખડી માં ભાઈ ની રક્ષા ના આશીર્વાદ હોય છે...
ના પડે મારા ભાઈ ના જીવન માં કોઈ પરીક્ષા એની સાક્ષાત દુઆ હોય છે...
ના કોઈ આકાંક્ષા ના કોઈ અભિલાષા બસ બહેન ના દિલ ની કક્ષા માં થી
ભાઈ ની અઢળક સફળતાઓ ની તમન્ના હોય છે...
Write by:- Nisha R Parmar

સુતાર ના એ દોર માં એટલી તાકાત હોય છે કે વાર તાહેવર મુહૂર્ત ચોઘડિયા
ની કોઈ રાહ નથી હોતી જ્યા ભાઈ-બહેન હોય ત્યા રક્ષાબંધન ઉજવાય
જાય છે...!
Write by:- Nisha R Parmar

નાળાછડી પણ રાખે લાજ,
ભાઈને બેની બાંધે આજ,
દિવસ કેવો રૂડો લાગે,
હસતા ચેહરા બેનીના આજે,
મોં જરાક કરીયે ગળ્યું,
થાય જીવન મીઠાશ ભર્યું...
Suraj Nayee